# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૧/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ટીડીએસ ભરવાની છેલ્લી તારીખ ૩૧ મે ૨૦૨૧ સુધી લંબાવાઇ, ચેમ્બરે નાણાં મંત્રીને કરી હતી રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોવિડ– ૧૯ની સેકન્ડ વેવમાં સતત કથળી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ઉદ્યોગ–ધંધા ઉપર પડેલી માઠી અસરને પહોંચી વળવા માટે ભારત સરકારના નાણાં મંત્રી નિર્મલા સીથારામણ સમક્ષ કરેલી રજૂઆતને પગલે ટીડીએસ ભરવાની છેલ્લી તારીખ જે ૩૦ એપ્રિલ ૨૦૨૧ હતી તેને લંબાવી તા. ૩૧ મે, ૨૦૨૧ કરવામાં આવી છે. ચેમ્બર દ્વારા ટીડીએસ અને ટીસીએસ ભરવાની છેલ્લી તારીખ લંબાવવા માટે રજૂઆત કરાઇ હતી. આ સંદર્ભમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસેસ દ્વારા એક પ્રેસનોટ બહાર પાડી ટીડીએસ ભરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી છે.

આ ઉપરાંત સીબીડીટી દ્વારા ઇન્કમ ટેક્સ એકટના ચેપ્ટર ૨૦ પ્રમાણે અપીલ ટુ કમિશનર કરવાની તારીખ મે ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. સાથે જ ઇન્કમ ટેકસ કલમ ૧૪૪ (સી) હેઠળ ઓબ્જેકશન ટુ ડિસ્પ્યુટ રિઝોલ્યુશન પેનલ કે જે ૧લી એપ્રિલ ૨૦૨૧ પછી આવતી હોય તેને પણ ૩૧ મે ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. તથા એસેસમેન્ટ ઇયર ૨૦૨૦–૨૧ માટે ઇન્કમ ટેકસની કલમ ૧૪૮ હેઠળ મળેલી નોટિસના સંદર્ભમાં રિટર્ન ફાઇલ કરવાની તારીખ પણ ૩૧ મે ૨૦૨૧ કરવામાં આવી છે. આથી લોકોને ઘણી રાહત થશે.